<u>આંક: ૦૧ તથા આંક–૪ લગત સંયુકત હુકમ</u>

૧. આ કામે આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા હાલની ડીસ્ચાર્જની અરજી દાખલ કરી જણાવેલ છે કે, આરોપી વિરૂધ્ધ હડાદ પો.સ્ટે.માં એફ.આઇ.આર. નં. ૧૧૧૯૫૦૦૫૨૫૦૦૮૯/ ૨૦૨૫ થી પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનો ગુનો નોંધાયેલ છે. આરોપીને પોલીસે સદરહુ ગુનાના કામે કઇ તારીખે, કેટલા વાગે, સિવિલ હોસ્પિટલમાં લઇ ગયેલ અને ડોકરટશ્રીએ કઇ તારીખે કેટલા વાગે આરીની શરીરની તપાસ કરેલ તે ડોકટરશ્રીએ ફોર્મ– એ માં જણાવેલ નથી. વધુમાં ડોકટરશ્રીએ આરોપીનુ કોઇ ચહેરા માર્ક નિશાન કે આઇડિન્ટીટી ફોર્મ – એ માં દર્શાવેલ નથી તેથી ખોટુ ચાર્જશીટ બનાવેલ છે. વધુમાં ડોકટરશ્રીએ આરોપીની ફોર્મ– એ માં સહી કે અંગુઠાનુ નિશાન કરાવેલ તેવુ પણ ફોર્મ– એ માં જણાઇ આવેલ નથી. તે ઉપરાંત ફોર્મ– એ માં કઇ તારીખે તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવેલ તેવી કોઇ ફોર્મ– એ માં તારીખ જણાવેલ નથી. તેમજ ડોકટરશ્રી ધ્વારા આપવામાં આવેલ ફોર્મ– એ માં સ્પીચ નોર્મલ બતાવેલ છે. ગેઇટ સ્ટેડી દર્શાવેલ નથી તેમજ પ્યુપિલ્સ (આંખો) નોર્મલ બતાવેલ છે જેથી આરોપી કોઇ નશો કરેલ હાલતમાં ન હતા તેમ છતાં ખોટુ ચાર્જશીટ બનાવેલ છે. વધુમાં મેડીકલ ઓફીસરે ફોમ– એ માં કેટલા પ્રમાણમાં આલ્કોહોલ આવેલ છે, તેવુ પણ જણાઇ આવેલ નથી, તેમજ આરોપીએ આલ્કોહોલનુ સેવન કરેલ હોય તો મેડીકલ ઓફીસરે બ્રેથ એનાલાઇઝરથી તપાસ કરેલ હોય તેવો રીપોર્ટ પણ નામ. કોર્ટમાં રજુ કરેલ નથી. આ કામે તપાસ અધિકારી ધ્વારા ફોમ– બી અને ફોર્મ– સી નો રીપોર્ટ પણ આ કામે ચાર્જશીટ વખતે રજુ કરેલ નથી. આ કામે

ચાર્જશીટમાં જે પંચો દર્શાવેલ છે તે બન્ને પંચો હડાદ ખાતે હોમગાર્ડ માં ફરજ બજાવે છે. આમ કોઇ સ્વતંત્ર પંચો લીધેલ નથી અને પંચો પોલીસ પંચો છે. આમ, ઉપરોકત કારણો ધ્યાને લઇ, પ્રોહી. રૂલ્સ– ૪ નો ભંગ થતો હોય તેમજ અધુરુ ચાર્જશીટ હોય આરોપી વિરૂધ્ધ કોઇ પ્રથમ દર્શનીય કેસ પુરવાર થતો ન હોય આરોપીને કલમ– ૬૬(૧)(બી) મુજબના ગુનામાંથી બિન– તહોમત (ડીસ્ચાર્જ) છોડી મુકવા અરજ ગુજારેલ છે.

૨. આ કામે સરકારી વકીલશ્રી ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપીની સામે પુખ્ત પુરાવો હોવાથી તપાસ કરનાર અમલદાર ધ્વારા ચાર્જશીટ કરવામાં આવેલી છે તેમાં તેમના ધ્વારા આરોપીને ડોકટર પાસે મોકલીને આરોપીની ચકાસણી કર્યા પછી અને સાહેદોનુ નિવેદન લીધા પછી, આરોપીની સામે ચાર્જશીટ કરેલ છે અને પુરાવા વખતે ત.ક.અ. ધ્વારા ફોર્મ એ,બી,સી, રજુ કરવામાં આવશે, અને આ કમે પુરાવો લીધા વીના હાલના તબકકે આરોપી ડીસ્ચાર્જ ન થઇ શકે તેવી દલીલ ગુજારેલ છે. વળી તેઓએ જણાવેલ છે કે, નવા કાયદા મુજબ ગુનાની ગંભીરતા વધી ગયેલ છે અને સજાની જોગવાઇ પણ વધુ છે. જેથી ડીસ્ચાર્જ કરવાથી સમાજનુ હિત જળવાશે નહી, તેથી આરોપીને બીનતહોમત ઠરાવી શકાય નહી. તેવુ નામદાર વડી અદાલતે ઘણા ચુકાદાઓમાં નકકી કરેલુ છે, જેથી તે ધ્યાને લઇ ડીસ્ચાર્જ અરજી નામંજુર કરવી જોઇએ.

૩. હાલના કેસના કામે કાયદાની આનુસાંગિક જોગવાઇઓ ધ્યાને લેતા સને. ૨૦૧૬ ના સુધારા બાદ પ્રોહિબિશન એકટ તળેની તમામ કલમો તળેના

ગુનાઓ (કલમ– ૬૬ (૧)(બી) સિવાયના) કામે સજાની જોગવાઇ ૩ વર્ષ કે તેથી વધુ નકકી કરવામાં આવેલ છે અને કલમ– ૬૬ (૧)(બી) ના કામે ૬ માસની સજા અને એક હજાર રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. અને અગાઉ રહેલી સમરી ટ્રાયલ અંગેની જોગવાઇ  રીપીલ થયેલી છે તેથી હાલનો ગુનો હવે કોગ્નીઝેબલ અને વોરન્ટ ટ્રાયબલ ગુનો છે તેમાં કોઇ શંકા નથી. આ કામે નામ. સુપ્રિમ કોર્ટના જજમેન્ટ ***MENUKUMARI V s STATE OF BIHAR 2006(2) CRIME SC 130*** ના જજમેન્ટમાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે કોઇ નવો ચાર્ઝશીટ રજુ થાય ત્યારે મેજીસ્ટ્રીયલ કોર્ટ શું શું કાર્યવાહી કરી શકે તે અંગે નીચે મુજબ વિવેચના કરવામાં આવેલ છે.

> 11. When a report forwarded by the police to the Magistrate under Section 173(2)(i) is placed before him several situations arise : The report may conclude that an offence appears to have been committed by a particular person or persons and in such a case, the Magistrate may either
>
> (1) accept the report and take cognizance of the offence and issue process, or
>
> (2) may disagree with the report and drop the proceeding, or
>
> (3) may direct further investigation under Section 156(3) and require the police to make a further report.
>
> The report may on the other hand state that according to the police, no offence appears to have been committed. When such a report is placed before the Magistrate he has again option of adopting one of the three courses open i.e.,
>
> (1) he may accept the report and drop the proceeding; or
>
> (2) he may disagree with the report and take the view that there is sufficient ground for further proceeding, take cognizance of the offence and issue process; or

(3) he may direct further investigation to be made by the police under Section 156 (3). The position is, therefore, now well-settled that upon receipt of a police report under Section 173(2) a Magistrate is entitled to take cognizance of an offence under Section 190(1)(b) of the Code even if the police report is to the effect that no case is made out against the accused.

ઉપરોકત જજમેન્ટમાં ઠરાવ્યા પ્રમાણે મેજીસ્ટ્રેટ પાસે વિકલ્પ રહેલા છે તે પૈકીના બીજા વિકલ્પને ધ્યાને લેતા જયારે **કલમ– ૧૭૩(૨)(૧)** મુજબનો રીપોર્ટ આવે ત્યારે મેજીસ્ટ્રેટ તેનાથી વિસંગત થઇ સમગ્ર પ્રોસીડીંગ ડ્રોપ કરી શકે છે, એટલે કે પડતુ મુકી શકે છે.

તે બાબતને ધ્યાને લેતા જો ત.ક.અ.એ એવી ચાર્જશીટ રજુ કરેલ હોય કે જેના પરથી આરોપી વિરૂધ્ધનો આક્ષેપ ટ્રાયલ ચલાવવા માટે પુરતો ન હોય ત્યારે તે કિસ્સામાં ગુનાનુ કોગ્નીઝન્સ લીધા વગર એવી પ્રોસીડીંગ્સ દફતરે કરી શકાય. પરંતુ જયારે કોર્ટ ધ્વારા એવા ચાર્જશીટના આધારે આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઇસ્યુ કરવાનો હુકમ થઇ ગયેલ છે અને આરોપી કોર્ટ સમક્ષ હાજર થાય ત્યારે કોર્ટ પાસે માત્ર બે જ વિકલ્પ બાકી રહે છે. પ્રથમ આરોપીને કલમ : ૨૦૭ મુજબ નકલો સોપ્યા બાદ જો ચાર્ઝફ્રેમ કરી શકાય તો ચાર્જફ્રેમ કરી તેઓના કેસનો નિકાલ કરવુ અને બીજુ જો આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનો તથ્યવિહીન હોય તો તેઓને CRPC ની કલમ : ૨૩૯ (બી.એન.એસ. એસ.ની કલમ– ૨૬૨) મુજબ બિનતહોમત ઠરાવી કેસની પ્રોસીડિંગ્સ બંધ કરવી.

**<u>4.</u>** હાલના કેસમાંની વિગતો જોતાં આ કામના આરોપીની વિરૂધ્ધમાં બી.એન.એસ.એસ.ની કલમ– ૨૨૭ મુજબ પ્રોસેસ ઇસ્યુ થઇ ગયેલ છે તેથી હવે તેઓ વિરૂધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ– ૨૬૨ તળે ડિસ્ચાર્ઝ કરવાની અથવા બી.એન.એસ.એસ.ની કલમ– ૨૬૩ મુજબ તહોમત ફરમાવવાની

કાર્યવાહી કરી શકાય તેમ છે. તેથી ઉપરોકત કાર્યવાહી પરત્વે CRPC ની કલમ-૨૩૯ (બી.એન.એસ.એસ.ની કલમ- ૨૬૨) ની જોગવાઇને ધ્યાને લેતાં,

<u>(બી.એન.એસ.એસ.ની કલમ– ૨૬૨) આરોપીને કયારે છોડી મુકવો જોઈશે:</u>

<u>૧.</u> આરોપી કલમ– ૨૩૦ હેઠળ દસ્તાવેજોની નકલો અપાય તેની તારીખથી સાત દિવસની અંદર ડીસ્ચાર્જ માટે અરજી કરવાનું પસંદ કરી શકે છે.

<u>૨.</u> પોલીસ રીપોર્ટ તથા તેની સાથેના કલમ: ૧૯૩ હેઠળ મોકલાયેલ તમામ દસ્તાવેજો વિચારણામાં લીધા પછી આરોપીની રુબરુ શારીરિક રીતે અથવા ઓડીયો, વિડીયો, ઈલેકટ્રોનીક માધ્યમ ધ્વારા આવી તપાસ કરવામાં આવશે અને મેજીસ્ટ્રેટને જરૂરી જણાય તો આરોપીની જુબાની લીધા પછી અને ફરીયાદ પક્ષ અને આરોપીને સુનવણીની તક આપ્યા પછી, મેજીસ્ટ્રેટને આરોપી વિરૂધ્ધનું તહોમત વજુદ વગરનું લાગે તો તેણે બીનતહોમત છોડી મુકવો જોઈશે અને તેમ કરવાના પોતાના કારણો ની તેણે નોંધ કરવી જોઈશે.

આ ઉપરાન્ત આ કામે ગુજરાત રાજયમાં દારૂબંધીનો કાયદો અમલમાં હોવાથી પોલીસ એજેન્સીઓ ધ્વારા જે રીતના કેસો કરવામાં આવે છે તે રીત જોતા હાલ પોલીસ ધ્વારા દાખલ કરેલા મોટા ભાગના કેસોમાં ટ્રાયલના અંતે પણ આરોપીને તકસીરવાન ઠરાવા માટેનો પુરાવો જવલ્લે જ મળતો હોય છે અને તે પણ આરોપી ધ્વારા કબ્જાના કેસમાં તો નહિંવત જણાય છે. તે અંગેની હકીકત <u>*નામદાર હાઈકોર્ટ સમક્ષ ઈબ્રાહીમ હાસમ કેવર વિ. ગુજરાત રાજયના **CRMA 9025 OF 2018 Dt. 09/05/2018***</u> ના ચુકાદામાં જામીન અરજીનો અવલોકન કરતી વખતે ધ્યાન પર આવતા પોલીસની કાર્યપ્રણાલી પર પ્રશ્નચિહન મુંકીને ઠરાવેલ છે કે .......,

*7. The flow of designed FIRs is not recent practice adopted by many police stations, but is in place since long as if it has now become "custom" while dealing with prior information with regard to movement of liquor in the State. Had there been any in-house mechanism to monitor such custom, filing of designed FIRs would have been controlled to great extent and/or concerned police would not have ventured to file such F.I.R. Now, the time has come for the State to step in immediately to take suitable step to ensure that appropriate action is taken qua designed FIRs in accordance with law so that, such custom to file designed FIRs are suitably monitored/supervised on regular basis.*

**5.** આ કામે ચાર્જશીટની વિગતો ચકાસી જોતા આ કામના આરોપી વિરૂદ્ધ જે પ્રોહી. કલમ-૬૬(૧)(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે તેના કામે કલમ-૬૬ તળેની જોગવાઈ પ્રમાણે આરોપીના લોહીમાંથી ૦.૦૫ ટકા કરતાં વધારે અને કલમ-૬૬(૧)(બી) તળેના ગુના માટે ગુજરાત પ્રોહી. લોહી ચકાસણીના નિયમો પ્રમાણે કાયદામાં ગ્રાહ્ય હોવું જોઈએ, પરંતુ હાલના કેસની હકીકતો તથા પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, આ કામના આરોપીની વિરુદ્ધમાં ચાર્જશીટ કરી શકાય તે માટે જરૂરી એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ કરેલ નથી.

**6.** આ કામે કાયદામાં કરેલી મેન્ડેટરી જોગવાઈ કલમ-૬૬(૨) પ્રમાણે આરોપીના લોહીમાંથી ૦.૦૫ ટકા કરતા વધારે આલ્કોહોલ મળી આવ્યાની હકીકત લોહી ચકાસણીના નિયમ-૪(૨) ના અનુરૂપ થયેલી હોવાનું પુરવાર થતું નથી તેથી આરોપીની વિરુદ્ધમાં આવા દુષિત પુરાવાના આધારે ટ્રાયલ

ચલાવી શકાય નહિં તેથી આરોપીને બિનતહોમત છોડી મુકવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય.

**7.** આ સંદર્ભમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા પસાર કરેલા નીચે મુજબના ચુકાદાઓ ધ્યાને લેવામાં આવેલા છે.

(૧) ગુજરાત રાજ્ય વિ.બાપુજી સવાજી, ૧૯૯૦ (૨) જી.એલ.એચ. ૪૫૧

(૨) મલ્હારરાવ ભગવાનદાસ ખરાદે વિ.ગુજરાત રાજ્ય, ૧૯૭૧ જી.એલ.એચ.ઇ.એલ.(હાઇકોર્ટ) ૨૦૭૨૯૪

(૩) કાલીદાસ ધુળાભાઈ વાઘેલા વિ. ગુજરાત રાજ્ય ૧૯૯૬(૨) જી.એલ.આર. ૩૭૨

**8.** આમ, આ કામે કલમ–૬૬(૨) ની જોગવાઈનું તેમજ આરોપીના લોહી પરિક્ષણ સંબંધી ઉપલબ્ધોનું સ્પષ્ટ ભંગ થયેલ હોવાનું જણાય છે અને આરોપી વિરૂદ્ધ તેઓના લોહીમાંથી નક્કી કરેલ ટકાવારી પ્રમાણે આલ્કોહલનું પ્રમાણ મળી આવેલ છે તે પણ નક્કી થઇ શકતું નથી.

**9.** આ સબબ *નામ. ગુજરાત હાઈકોર્ટ ગુજરાત રાજ્ય વિ.બાપુજી સવાજી ૧૯૯૦(૨) જી.એલ.એચ. ૪૫૧* ના ચુકાદામાં ઠરાવેલું છે કે,

> *"**Para 6**. Now in this case, the alleged offence took place on 27th October 1978 at 21.15 hours and thereafter the P.S.I. Mr. Pathan had taken the accused to the Medical Officer Bhogilal Chunilal Pandya, P.W.2, who examined him on the very day at 23.00 hours and took his sample of the blood in the manner as provided by Rule 4(1) of the said Rules, for the purpose of sending it to the Chemical Analyser. It is to be noted that though the sample of the blood came to be collected on 27th October, 1978, the same was sent*

*to the Chemical Analyser on 28th October 1978, which was received by the Chemical Analyser on 10th November, 1978 by Regd. Post. This clearly shows that the sample of the blood has not reached the Chemical Analyser within 7 days of its collection as provided in Rule 4(2) of the Rules. From the evidence of the said Medical Officer, it is not clear whether the said sample was accompanied by a forwarding letter in Form- B being a facsimile of the seal or monogram used for sealing the phial of the sample blood of the accused. Under the circumstances, provisions of Rule 4(1) &(2) of the said Rules, which are mandatory, are violated. These two patent infirmities are fatal to the prosecution, when faced with this situation. Mr. Trivedi, learned A.P.P. was unable to press thus acquittal appeal any further."*

**10.** તે જ બાબતે રીતે *નામ. ગુજરાત હાઈકોર્ટ મલ્હારરાવ ભગવાનદાસ ખરદા ૧૯૭૧ જી.એલ.એચ.ઈ.એલ.(હાઈકોર્ટ) ૨૦૭૨૯૪,* ના ચુકાદમાં સમર્થન કરતાં ઠરાવેલું છે કે,

*"**Para 30**... the ratio in the ruling of Dalsukhji V/s. State of Gujarat (1969-1) 75 Cri. L. J. 695 where it has been held that the provisions of rules 4 and 5 of the rules are mandatory in blood concentration presumption under sec. 66(2) of the Bombay Prohibition Act cannot be drawn unless the mandatory provisions of rules 4 and 5 of the rules have been scrupulously followed. The Legislature must have in its wisdom provided the period of seven days for the blood sample to reach the testing authority with a view to see that there may not be any tampering with the blood sample collected or that the alcohol contents of the sample of blood may not increase if it was kept in possession of the medical*

*officer or his subordinate for an unduly long period. There is no evidence on the record to show in whose possession this phial remained till it was sent to the Chemical Analyzer. There is also no evidence about the precaution having been taken to ensure that there was no tampering with the contents of the phial when it was with the medical officer. There is also nothing on the record to show that for a period of eight days this sample was kept in such a place that it was not liable to deteriorate. It cannot be said with definite certainty that because of the breach of this rule of sending the blood sample to the testing authority so as to reach that authority within seven days it was not likely to affect the result of the analysis. If ratio decidendi of Ukha Kolha's case is looked into then the certificate of the Chemical Analyzer, which was a result of the mandatory provisions of rules 4 and 5 of the rules particularly the provisions now under consideration is not valid and the same may as well become inadmissible in evidence.*

**11.** આમ, ઉપર મુજબના બંન્ને ચુકાદાઓ તેમજ કેસ પેપર્સ ધ્યાને લેતાં એવું સ્પષ્ટપણે કહી શકાય કે, જ્યારે કોઇ આરોપીની વિરૂદ્ધમાં કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનાનો આક્ષેપ હોય ત્યારે તેઓ વિરૂદ્ધ કરવામાં આવેલ આક્ષેપ સબબ આરોપીના લોહીમાંથી ૦.૦૫ ટકા આલ્કોહોલ મળી આવેલ છે કે કેમ? તે હકીકત પ્રાથમિક રીતે રેકર્ડ પર લાવવાની જવાબદારી ફરિયાદપક્ષની બને છે અને તે હકીકત જ્યારે રેકર્ડ પર મુકવામાં આવેલી હોય ત્યારે તે રેકર્ડ કાયદેસર રીતે માનવાને પાત્ર છે કે કેમ? તે પણ મહત્ત્વની બાબત છે. કાયદા દ્વારા ફરમાવેલ મેન્ડેટ પ્રમાણે કોઇપણ લોહી ચકાસણીનો રીપોર્ટ એવા કિસ્સામાં જ આરોપી વિરૂદ્ધ ધ્યાને લઇ શકાય જ્યારે તે રીપોર્ટ રૂલ–૧ થી ૪ તળે કરેલ

જોગવાઇઓનું અનુસરણ કરી ચુસ્તપણે પાલન કરી તૈયાર કરવામાં આવેલો હોવો જોઇએ, કારણ કે રૂલ–૪ તળેની જોગવાઇઓ મેડિકલ જ્યુરીસપ્રુડંસ તથા કેમિકલ ઈફેકટસના વૈજ્ઞાનિક નિયમોને ધ્યાને રાખીને કરવામાં આવેલી છે અને તેમા સેમ્પલ ૭ દિવસની અંદર એફ.એસ.એલ.ને મળી જવા પાછળનો નિયમ ઘડવા માટેનું કારણ માત્ર એટલુ જે છે કે દિવસ પછી લોહીના નમુનામાં જે પ્રિજરવેટીવ નાખવામાં આવે છે તેના કારણે લોહીમાં સામયિક ફેરફાર થવાના કારણે લોહીના ગુણધર્મોના ફેરફાર (નિષ્ણાંતની ભાષામાં Contamination) થાય છે અને તેના કારણે જે સેમ્પલની ચકાસણી કર્યા બાદ ચોક્કસ અને સચોટ પરિણામ મેળવવું શક્ય નથી.

**12.** હાલના કેસની હકીકતો જોતાં આ કામના આરોપીના લોહીનો નમુનો લેવામાં આવેલ છે અને તે આજ દિવસ સુધી એફ.એસ.એલ.ને મળેલ છે કે કેમ? અને આરોપીના લોહીમાંથી નક્કી કરેલી મર્યાદા કરતા વધારે આલ્કોહોલનું પ્રમાણ મળી આવેલ છે કે કેમ? આમ, આ અંગે પોલીસ દ્વારા આરોપીને મેડીકલ ઓફીસર સમક્ષ યાદી સાથે મોકલી, આરોપી આલ્કોહોલની અસર તળે હતા કે કેમ તે અંગે મેડીકલ પરીક્ષણ માટે મોકલેલ હતા કે કેમ ? તે બતાવવા માટે તપાસ કરનાર અધિકારી દ્વારા કે, પી.એસ.ઓ. મારફતે ફરીયાદી દ્વારા સરકારી માન્યતા પ્રાપ્ત હોસ્પિટલમાં કે સરકારી હોસ્પિટલમાં તેમની શારીરીક તપાસણી અને લોહીનો નમુનો લેવા માટે તે હોસ્પિટલના સંબોધીત કરતા મેડીકલ સુપ્રિટેન્ડન્ટ કે વડા અધિકારી કે ત્યાં ફરજ બજાવતા ડોકટરના નામે યાદી કરેલી હોય કે, તે બાબતની સ્ટેશન ડાયરીની નોંધ જેથી ત્યાં હાજર ડોકટર દ્વારા આરોપીની શારીરીક ચકાસણી કરીને અને લોહીનુ

સેમ્પલ લીધા પછી લોહી ચકાસણીના નિયમ મુજબ ફોર્મ- એ માં સદરહુ આરોપીનો, મેડીકલ ઓફીસર દ્વારા તેમના લોહીનો નમુનો લઇ લીધા પછી સીલ કરીને બાદ આરોપીના શરીરસ્થિતિની વિગત સાથે અભીપ્રાય આપી તે અંગેનુ ફોર્મ- એ આ કામે ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ હોય તેમ બનેલ નથી. જયારે આ કામે આરોપીના લોહીનુ સેમ્પલ લઇ, ફીચાલને ત્યારબાદ સીલ કરી, તેમાં તેઓની હોસ્પિટલનુ સીલ તથા સહી કરી, સી.એચ.સી.નો સિકકો મારી સહી કરી ફોર્મ-બી તથા સેમ્પલ એફ.એસ.એલ.માં પરીક્ષણ માટે મોકલેલ હોય પણ તેવુ દર્શાવતો કોઇપણ પત્ર કે ફોર્મ-એ અને બી ની નકલ કે અસલ પણ રજુ કરવામાં આવેલ નથી. આમ, બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન (બ્લડ ટેસ્ટ) રૂલ્સ મુજબ કોઇ કાર્યવાહી કરેલ હોય તેવી કોઇ હકીકત પણ આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ નથી.

**<u>13.</u>** આમ આ કામે ત.ક.અ. દ્વારા થયેલ કાર્યવાહી કર્યા બાદ સદરહુ વિગત સાથે ફોર્મ- બી એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ હોય, અને ત્યારબાદ એફ.એસ.એલ.માંથી તે બાબતનો નિષ્ણાતનો અભિપ્રાય ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. આમ, આરોપી આલ્કોહોલની અસર તળે હતા કે કેમ ? તે માૈખિક અનુમાનના આધારે નકકી તે નક્કી થઇ શકતું નથી એટલે જ્યારે આરોપી વિરૂદ્ધ તેઓના લોહીમાંથી કાયદાએ નક્કી કરેલી માત્રાને અનુરૂપ આલ્કોહોલ હાજરી હોવાનું જણાતું ન હોય ત્યારે આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ ગુના સબબ તહોમતનામુ ફરમાવી શકાય નહિં. આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ આરોપીની વિરુદ્ધમાં તેઓના લોહીમાંથી કાયદાએ નક્કી કરેલ માત્રામાં આલ્કોહોલનું પ્રમાણ મળી આવેલાનું જણાતું ન હોય ત્યારે આરોપી બનાવ વખતે દારૂ પીધેલ

હાલતમાં હતો, તેમ દારૂ પીધેલ કે પ્રતિબંધીત નશાની કોઇપણ વસ્તુ લીધેલી હોય કે પીધેલી હોય તે હોવાનું માની શકાય નહિં.

**13.** આમ, હાલના તબકકે ઉપર કરેલ ચર્ચા મુજબ અને કાયદાના પ્રસ્થાપીત નિયમો મુજબ જેમાં

> '' **at the stage of framing charge the Court has to apply its mind to the question whether or not there is any ground for presuming the commission of the offence by the accused. As framing of charge affects a person's liberty substantially, need for proper consideration of material warranting such order was emphasised.''**

આરોપી વિરૂઘ્ઘ તેઓને ગુનામાં સાંકળતી હકીકતોનો અનુમાન કરી તેઓની સ્વતંત્રતાના અધિકાર નડતરરૂપ થાય તે રીતે ચાર્જફ્રેમ કરવા માટેના કોઇ કારણો અત્રે જણાઈ આવતા નથી. આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ઘ પ્રોહી. એકટની કલમ– ૬૬(૧)(બી) મુજબના આક્ષેપો સબબ આરોપી વિરૂઘ્ઘ તહોમતનામુ ફરમાવી શકાય તેટલી હકીકત રેકર્ડ પર લાવી શકતા ન હોય તેથી ઉપર મુજબની તમામ હકીકતો ઘ્યાને લેતા આ કામના આરોપી વિરૂઘ્ઘ આક્ષેપાયેલ ગુનો આધાર વગરનો હોય, તેઓને ટ્રાયલની કાર્યવાહીનો ભોગ બનાવી છેવટે છોડી મુકવા માટેનો હુકમ કરવાના બદલે હાલ તબકકે બિનતહોમત છોડી મુકવાનુ ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

૧. આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ– ૨૭૪ ના પરંતુક–૨ પ્રમાણે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–

૬૬(૧) (બી) મુજબના ગુનાના કામે બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

<u>૨.</u> આ કામનાં આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ પીરીયડ સુધી લંબાવવામા આવે છે.

<u>૩.</u> અપીલ સમય વિત્યાબાદ કેસ ફાઈલને સેન્ટ્રલ રેકડ રુમમાં નિયમો મુજબ મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

**આજ રોજ તારીખ– ૨૧ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ઠરાવ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા. ૨૧/૦૮/૨૦૨૬ (વિકાસ સિયોલ)
સ્થળ : દાંતા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, દાંતા
Judge Code : GJ01357